# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા તારીખ : ૧૦ ઓકટોબર, ૨૦૨૧ ના રોજ યોજાનાર સામૂહિક ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં જોડાયેલ કોલેજોના સંચાલકમંડળો માટેની સૂચનાઓ :**

———————————————————————————————————

(૧) યુનિવર્સિટી ધ્વારા આયોજીત સંયુકત ઈન્ટરવ્યુમાં જોડાયેલ દરેક કોલેજોના ટ્રસ્ટીઓને ખાસ સૂચના આપવાની કે વેબસાઈટ ઉપર મૂકેલ ઈન્ટરવ્યુ સ્થળ ઉપર ઈન્ટરવ્યુના દિવસે મોડામાં મોડા સવારે ૦૯–૦૦ કલાક સુધીમાં ફરજીયાત હાજર રહી રીપોર્ટીંગ કરી પોતાની ફાઈલ મેળવી લેવાની રહેશે.

(૨) ટ્રસ્ટમાંથી કોલેજના ઈન્ટરવ્યુમાં બેસનાર મેનેજમેન્ટ પ્રતિનિધિના નામના ઠરાવની નકલ ફરજીયાત સાથે લાવી જમા કરાવવાની રહેશે.

(૩) યુનિવર્સિટીની વેબસાઈટ **ngu.ac.in** પરથી દરેક સંચાલક મંડળે વરણી સમિતિના અહેવાલની વિષય દીઠ બે નકલ પ્રમાણે પ્રિન્ટ કાઢી તેમાં કોલેજનું નામ, કોલેજ કોડ, ટ્રસ્ટનું નામ, ઈન્ટરવ્યુમાં હાજર રહેનાર મેનેજમેન્ટ પ્રતિનિધિનું નામ વિગેરે પ્રાથમિક માહિતી ભરીને સાથે લાવવાની રહેશે.

(૪) ઈન્ટરવ્યુના દિવસે રજીસ્ટ્રેશનના ટેબલ ઉપરથી વિષય તજજ્ઞોના નામની યાદી મેળવી **જે તે વિષયના વરણી સમિતિના અહેવાલમાં જે તે વિષયોના અને યુનિવર્સિટી પ્રતિનિધિના નામની વિગતો સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે ભરી જે તે દિવસે મોડામાં મોડા ૧૨–૦૦ કલાક સુધીમાં જે તે વિષયના કાઉન્ટર ઉપર બે નકલમાં જમા કરાવવાની જવાબદારી જે તે સંચાલક મંડળની રહેશે.**

(૫) **જે તે વિષયના ઈન્ટરવ્યુ પૂર્ણ થયા બાદ જે તે ઈન્ટરવ્યુ રૂમમાંથી પોતાની કોલેજનો વરણી સમિતિનો અહેવાલ ટ્રસ્ટીશ્રીએ પસંદગી સમિતિ પાસેથી મેળવી લેવાનો રહેશે. જો ટ્રસ્ટીશ્રી સમયસર હાજર નહીં હોય તો તે અંગેની સઘળી જવાબદારી તેઓની પોતાની રહેશે.**

(૬) ઈન્ટરવ્યુના દિવસે જે કોલેજનું ઈન્ટરવ્યુ હોય તેના સંચાલક મંડળને કોલેજ દીઠ જે તે દિવસ પૂરતા બપોરના ભોજન પાસ નંગ–૦૭ (સાત) આપવામાં આવશે.

(૭) **દરેક ટ્રસ્ટીશ્રીઓએ વરણી સમિતિના અહેવાલની એક નકલ ફરજીયાત ઈન્ટરવ્યુના દિવસે જે તે વિદ્યાશાખાના કો–ઓર્ડિનેટર પાસે ફરજીયાત પણે જમા કરાવવાની રહેશે.**